# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે "આઇ.સી.એ.આર. ઇન્ડ્સ્ટ્રીઝ ડે" ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૧૮.૦૭.૨૦૧૭ના રોજ "આઇ.સી.એ.આર. ઇન્ડ્સ્ટ્રીઝ ડે" ઉજવણી અત્રેના કેન્દ્ર ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. યુ. એમ. પટેલ, સેવા નિવૃત્ત ડો. ટી. એમ. ભરપોડા, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, ડો. એમ. એમ. ત્રિવેદી, આચાર્યશ્રી પોલીટેક્નીક કોલેજ, દાહોદ, શ્રી પ્રશાંતભાઈ મેનેજર, નેટાફેમ ઈરીગેશન કંપની અને રમેશભાઈ બાલચંદ, પ્રતિનિધિ, પોલીપ્લાસ્ટ કંપની ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ડો. એસ. કે. પટેલે સોયાબીન પાકમાં મુલ્ય વર્ધન વિષે અને સ્કિલ ડેવલપમેન્ટ યોજના દ્વારા નોકરી અને ધંધો કરવા માટે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરેલ, શ્રી પ્રશાંતભાઈ નોકરી અને ડીલરશીપ માટે કંપનીમાં કઈ રીતે જોડાઈ શકાય તે અંગે માર્ગ દર્શન આપેલ, ડો. એમ. એમ. ત્રિવેદી, વિધાર્થીઓને ડીપ્લોમાં પછી જુદા- જુદા એન્ટરપ્રોનિયર ક્ષેત્રે વિષે સમજ આપેલ, પ્રો. ડો. ટી. એમ. ભરપોડા સાહેબે, લીમડાના પાન અને લીંબોળીનો ઉપયોગ કરી ઉધોગ કરવા માટે વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા અને ડો. યુ. એમ. પટેલે ખેતીલક્ષી નાના પાયે ઉધોગ કરવા માટે વિધાર્થીયોને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં કેન્દ્ર ખાતે એગ્રીકલ્ચર સ્કિલ કાઉન્સિલ ઓફ ઇંડિયા અંતર્ગત ૨૦૦ કલાકની માઈક્રો ઈરીગેશન ટેકનીશીયન વિષે તાલીમ લીધેલ તાલીમાર્થીઓને સર્ટીફીકેટનુ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમનુ સંચાલન પ્રો. એચ.એલ. કાચા અને આભાર પ્રો. જી. કે. ભાભોરે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કેન્દ્રના અન્ય વૈજ્ઞાનિક ડો. આર. રાધા રાની, પ્રો. એન. ડી. મકવાણા અને પ્રો. એન. કે. રાઠોડ ઉપસ્થીત રહેલ. આ કાર્યક્રમમાં કુલ ૪૪ વિધાર્થીઓ અને ૧૦ અધિકારીઓએ ભાગ લીધેલ હતો.




ડો. એસ. કે. પટેલનુ ઉદબોધન




શ્રી પ્રશાંતભાઈનુ ઉદબોધન




ડો. એમ. એમ. ત્રિવેદીનુ ઉદબોધન




ડો. ટી. એમ ભરપોડાનુ ઉદબોધન




ડો. યુ.એમ. પટેલનુ ઉદબોધન




સર્ટીફીકેટનુ વિતરણ




તાલીમાર્થીઓ સાથે ગ્રુપ ફોટો